## મહામૃત્યુંજય - મહિમા

આ મંત્ર પરમતત્વનો છે. શિવ એ બ્રહ્મ છે, નિરાકાર તત્વ છે.વેદ સાહિત્યમાં બે મહામંત્રો છે.- ગાયત્રી અને મહામૃત્યંજય મંત્ર

મહામૃત્યુંજય બ્રાહ્મણો શ્રાવણમાસમાં ખાસ કરે.

મંત્ર અર્થસહિત કરીએ તો અસર અદ્‌ભુત છે, કારણકે તેમાં ભાવ પરોવાય છે.

માત્ર શરીરની માંદગી નહી પણ મનની તંદુરસ્તી માટેનો આ મંત્ર છે.

મન મજબુત, હૃદયમાં આશાનો સંચાર, જીવનના અભાવો - ગ્લાનિ, શોક, વેદના, ભય, મૃત્યભય દુર થાય અને રસસભર જીવન બને છે, જીવવા જેવું બને છે. આનંદમય બને છે., નિરામય દેહ એજ અમૃત તત્વ છે.

અવર્ણનીય નું શબ્દો માં વર્ણન કઈ રીતે થાય ? મન, બૃદ્ધિ થી પર છે.

આ સદાશિવે પોતાના સ્વમુખે જે મંત્રની રચના કરી તેજ મહામૃત્યુંજય મંત્ર.

ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્ર કરનારને જગતમાં બીજું કાંઈ જ કરવાનું  રહેતુ નથી. સૂર્ય અને શિવના આ મંત્ર છે. આદિત્ય રહસ્ય સ્ત્રોત માં વર્ણવ્યું છે કે સૂર્યને જ શિવ જાણવા, શિવને સૂર્યનું સ્વરૂપ સમજવું.

આ બન્ને મંત્રો પંથ થી પર છે, મૂળ તત્વની આરાધના છે, પરમ તત્વની પ્રાર્થના છે. ત્ર્યંબક શિવ કોણ છે ?

શિવ એ નિરાકાર સ્વરૂપ, પરમ તત્વ છે, બ્રહ્મસ્વરૂપ છે, આત્મ સ્વરૂપ છે.

સાકાર સ્વરૂપ  તે મહાદેવ, શંકર

શિવ અને શકિત એ આદિ તત્વ છે, જેનું કોઈ નામ નથી.

પરમપુરુષ અને આધશકિત કહેવાય છે. નિરાકાર છે.

શિવ આકારરૂપે - બ્રહ્મા, વિષ્ણુ, મહેશ

શકિત આકારરૂપે - મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતી

શિવ (બ્રહ્મ) અને શકિત(પ્રકૃતિ) વચ્ચે કોઈ ભેદ નથી.

સૂર્ય (અગ્નિ) તેની ગરમી અને પ્રકાશ તે તેની શકિત (પ્રકૃતિ) છે.

આ બ્રહ્મ તત્વ, નિરાકાર, શૂન્ય, આત્મ તત્વ સ્વરૂપ છે તેને શિવ નામ આપ્યું. શિવ - રજોગુણથી બ્રહ્મા, સત્વથી વિષ્ણું, તમસ થી રુદ્ર બન્યા જયારે ત્રણેય ગુણોનો આશ્રય છોડી દે છે ત્યારે ત્રિગુણાતીત શિવ બને છે. ઉત્પતિના પ્રતીક તરીકે લિંગની પૂજા પરંપરાગત બની છે. શિવ અને શંકર તેમનું સાકાર સ્વરૂપ. શં = આનંદ જેનો સબંધ હૃદય સાથે છે (સુખ નો સબંધ મન સાથે છે ) આનંદ ની ઉત્પત્તિ આત્મા માંથી થાય છે.  પ્રસન્નતા અને આનંદ ચેતના માંથી ફુટે છે. જ્ઞાન ના દાતા છે.

ૐ  નમઃ શિવાય મંત્ર માં આરાધના આદિ તત્વની છે.

શિવ = કલ્યાણ, બ્રહ્મને સંબોધવાનું એક નામ, શિવ. અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું તે જ પરમ તત્વ શિવ છે. નારાયણ છે. રામ, કૃષ્ણ એ જ પરમ ચેતનાના સાકાર રૂપ છે.

મહામૃત્યુંજય મંત્રની ઉત્પતિ : પુરાણો માં જણાવ્યા મુજબ વિષ્ણું ભગવાન, ભગવાન શિવજીની કૃપા પ્રાપ્ત કરવા માટે ૧૦૦૦ કમળો થી શિવની પૂજા કરતા હતા ત્યારે શિવજીએ એક કમળ ઓછું કરી દીધું, ત્યારે વિષ્ણું એ પોતાની આંખ કાઢી અર્પણ કરી. શિવ તરત પ્રસન્ન થયા અને વિષ્ણું ને નેત્રદાન આપી મહામૃત્યુંજય નામનો સંજીવની મંત્ર આપ્યો, જેનાથી અમરત્વ પ્રાપ્ત થાય. એ મંત્ર ભગવાન વિષ્ણુંએ અન્ય દેવો ને આપ્યો અને યુગો થી માનવોનું કલ્યાણ કરતો આવ્યો છે.

અર્થ :- (અમે) ત્રણ નેત્રોવાળા, સુગંધી સ્વરૂપ, પુષ્ટિની વૃદ્ધિ કરનાર શિવનું યજન કરીએ છીએ, જે પાકેલા ફળની જેમ મૃત્યુના બંધનમાંથી અમને મુકત કરો, પણ અમરત્વથી વંચિત ન રાખો.
સૂક્ષ્મ અર્થ :- વેદોની પ્રાર્થનાઓ, મહામંત્રો માં સ્વાર્થ નહી સહિયારું માંગેલું છે.
શિવના ત્રણ નેત્ર :- બ્રહ્માંડ ત્રિપરિણામ વાળું છે.
ત્રણેય શકિતઓ :- (ગાયત્રી છંદ (જ્ઞાન), ત્રિષ્ટુપ્ છંદ (ઈચ્છા), જગતી છંદ (ક્રિયાશકિત) જેનો આવિર્ભાવ છે તે ત્ર્યંબક
અગ્નિ, વાયુ , સૂર્ય - ૩ નેત્રો છે.
સત્ય, રજસ, તમસ - ૩ પ્રધાન પ્રકૃતિઓ તેમના ત્રણ નેત્રો છે.
યજ્ઞ કરનારાઓ ભુઃ (પૃથ્વી), ભુવઃ (અંતરિક્ષ), અને સ્વઃ (સ્વર્ગ) ત્રણ નેત્રો છે.
ઋગ્વેદ, યજુર્વેદ અને સામદેવ - ત્રણ નેત્રો છે.
ભુતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ એ પરમ તત્વના ત્રણ નેત્ર છે. ૐ ના અ, ઉ, મ ત્રણ નેત્રો છે.
આમ જે પોતે જ વિશ્વરૂપ છે - મન અને વાણી થી પર છે.
યજામહે : સંપૂર્ણ શરણાગત થઈ જવું (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર સાથે)
સુગંધીં : આત્મતત્વ તે જ સુગંધ અથવા સત્વગુણી ચેતના - જેનો અનુભવ ધ્યાનમાં થાય છે કે દિવ્ય ચેતના સભર દેવમંદિર માં અનુભવાય છે. પ્રાણતત્વ સુગંધીમય છે, જેમ સુર્યોદય સમયની ચેતનાની સુગંધીનો અનુભવ આપણને છે.
પુષ્ટિવર્ધનં - બીજમાંથી વટવૃક્ષ બનાવે તે શકિત, આત્મતત્વ નીખરે, ઐશ્વર્ય વૃદ્ધિ થાય.
ઉર્વારુકં ઈવ : પાકેલી તુંબડીની જેમ વેલ ઉપર થી સરળતાથી છુટી થાય છે, તેમ અમને મૃત્યુ ના બંધનમાંથી મુકત કરો.
બંધનાત્ મૃત્યોઃ મુક્ષીય : મૃત્યના બંધનમાંથી છોડાવે, કામ, ક્રોધ, લોભ, મદ અને મોહ છોડાવે, સ્થિત પ્રજ્ઞતા આપો, લાચારી દૂર કરો, અભાવો, વેદના, દારિદ્રય, તમસ અને અંધકાર દુર કરો. (આ બધી જ બાબતો મૃત્યો નાં જ સુક્ષ્મ સ્વરૂપો છે.) આ બંધનો કાપી
મા અમૃતાત્ :- અમૃત તત્વથી અમોને વંચિત ન કરો. રસ ભરપુર જીવન - આનંદ - નિરામય દેહ, વૃદ્ધાવસ્થાની તાજગીભરી તંદુરસ્તી અને ઈશ્વરની પ્રાપ્તિ એ છેવટનું અમૃતતત્વ.

મન બેચેન હોય, જીવનમાં અભાવો હોય, જયારે કોઈ દિશા સૂઝની ના હોય, આર્થિક પ્રશ્નો ઘેરી વળ્યા હોય કે પછી આત્મહત્યાના વિચારો મનને પકડી બેઠા હોય ત્યારે આ મહામૃત્યુંજય મંત્ર પ્રાણદાતા છે. પ્રાણતત્ત્વનો અમૃત તત્વનો સ્પર્શ કરાવે છે. મનની માંદગી દુર કરે છે પછી જીવન આપો આપ તંદુરસ્તીનો વળાંક લે છે. મન દ્વારા મુકિત અપાવે છે. આ મંત્ર પરમતત્વનો છે. શિવ એ બ્રહ્મ છે, નિરાકાર તત્વ છે, સાકાર માં તે શંકર પણ છે, વિષ્ણુ પણ છે, બ્રહ્મા છે તો માતૃશકિત પણ છે. ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્ર મોક્ષ અને ભોગના બે ચૈતન્યમાર્ગો છે. એ સીધા ત્યાં જ લઈ જાય છે. જે સ્થળ માટે ખુદ ભગવાન કૃષ્ણે કહ્યું છે. યદ્ ગત્વા ન નિવર્તતે, તદ્ ધામ પરમં મમ ।

ત્ર્યંબકં યજામહે - મહામૃત્યુંજયનો રસ-આસ્વાદ ડો. અશ્વિન રાવલ
(૧૧ , હરિહર એપાર્ટમેન્ટ, ધર્મનગર સોસા., સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૭૫૦૨૨૯૯) માંથી સાભાર સારગ્રહણ)